# જિનેન્દ્રવૃન્દ પધારિયા રે

[ રાગ-સુંદર સ્વર્ણપુરીમાં ]

મારા જિનાલયમાં જિનેન્દ્રવૃન્દ પધારિયા રે;
મારા અંતરિયામાં હર્ષ અતિ ઉભરાય,
સુરનર આવો આવો જિન-ચરણોને પૂજવા રે.

( સાખી )

નંદીશ્વર બિરાજતા, રત્નમયી જિનરાજ;
મેરુ પર સોહી રહ્યાં, જિનપ્રતિમા મનહાર.
આવો પધારો પ્રભુજી સેવકના જિનમંદિરે રે;
હું તો કઈ વિધ વંદું, કઈ વિધ પૂજું નાથ,
મારે આંગણ આજે શાશ્વતા જિનેશ્વરા રે....મારા૦

( સાખી )

ધનુ શત પંચ બિરાજતા, રત્નમયી જિનરાજ;
જિન સાક્ષાત સમા દીસે, સ્વયંસિદ્ધ ભગવાન.

જિનવર મહિમાનાં ગુણગાન ત્રિજગમાં ગાજતાં રે;
પ્રભુના મહિમાના ગુણ મુખથી કેમ કથાય,
દેવ-દેવેન્દ્રો જિનપ્રતિમાનાં ચરણો પૂજતા રે...મારા૦

(સાખી)

જિનપ્રતિમા અદ્‌ભુત અહો! ધ્યાનમયી મનહાર,
ઉપશમરસ વરસી રહ્યા, મંગળમૂર્તિ મહાન.

પ્રભુની ભક્તિ વડે ભવ્યો પામે ભવ-અંતને રે;
જેને અંતર નિરખ્યે આતમને નિરખાય,
એવાં મણિમય બિંબ પધાર્યાં મારે આંગણે રે,
આવો આવો પ્રભુજી આજે મારે મંદિરે રે,
દૈવી ગુણગણ-ધારક દેવ પધાર્યા આંગણે રે...મારા૦

(સાખી)

ઋષભ જિણંદ પધારિયા, મહાપદ્મ ભગવંત;
જિનવર ભાવિ વિદેહના, નંદી-મેરુ જિણંદ.

અંતાતીત ગુણોના નાથ પધાર્યા આંગણે રે;
હું તો જ્યાં જોઉં ત્યાં નિરખું છું જિનદેવ,
વિધવિધ અર્ઘોથી વધાવું જિનવરદેવને રે...મારા૦

મારા હૈડામાંહી હર્ષ અતિ ઉભરાય,
દેવ-ગુરુનો મહિમા નિત્ય વસો મનમંદિરે રે.
ગુરુજીના ગુણમહિમાનાં ગીતો કેમ ગવાય,
ગુરુજી કહાન પ્રતાપે જિનવરવૃંદ પધારિયા રે;
અગણિત ગુણનિધિના દાતાર પધાર્યા આંગણે રે...મારા૦

□